અહો દેવના દેવ હો વિશ્વ સ્વામિ, કરૂ સ્તુતિ હું આપની શીશ નામી, દયાળુ પ્રભુ આપદાથી ઉગારો, દીનાનાથ તું એક આધાર અમારો

| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૧૦૨૦ |
| અમદાવાદ | ૧૯૬ |
| ગાંધીનગર | ૩૬ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૩૪ ૨૩ જુલાઈ, ૨૦૨૦, ગુરૂવાર; શ્રાવણ સુદ - ૩ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આગામી ૧૫ દિવસ ભારત માટે ઘાતક

**ઇન્ડિયન મેડિકલ એસોસિએશનની ગંભીર ચેતવણી : જો ડિસેમ્બરમાં વેક્સીન મળી જાય તો પણ ભારતની ૬૦થી ૭૦ ટકા વસ્તીના રસીકરણ માટે ૨ વર્ષ લાગી જશે, ભારતીયોએ લાંબા સમય સુધી કોરોના સાથે જ જીવવુ પડશે, આ મોટો પડકાર : નિષ્ણાંતોનો મત**

ન્યુ દિલ્હી,તા.૨૨

કોરોના વાયરસે આખા ભારતને ભરડામાં લીધું છે. દિવસેને દિવસે કોરોના સંક્રમણના કેસમાં ભારે વધારો થઈ રહ્યો છે. કેમેય કરીને કોરોના વાયરસનો કહેર કંટ્રોલમાં નથી આવી રહ્યો. સામાન્ય લોકોની સાથો સાથ કોરોનાની સારવાર કરનારા અનેક તબિબો પણ આ ઘાતક વાયરસના કારણે મોતને ભેટ્યા છે.

ભારત માટે આગામી સમય હજી પણ વધારે ગંભીર સાબિત થશે તેવી ચેતવણી ઈન્ડીયન મેડીકલ એસોસિએશનના પ્રમુખે આપી છે. તેમણે ચેતવણી આપતા કહ્યું છે કે, આગામી ૧૫ દિવસ ભારત માટે ખુબ જ ઘાતક સાબિત થશે.

ઈન્ડીયન મેડીકલ એસોસિએશના પ્રમુખે ચેતવણી આપતા કહ્યું છે કે, કોરોનાના કહેરને નાથવા સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવુ જરૂરી છે. તેમણે જણાવ્યું હતું કે, કોરોના વાયરસનો સૌથી વધુ ભોગ ડૉક્ટરો પણ બની રહ્યાં છે. તેવી જ રીતે ડૉક્ટરોમાં મૃત્યુઆંક પણ સૌથી વધારે છે. સૌથી વધુ ઉંમરવાળા તબીબોના મોત થયા છે. કુલ દર્દીમાં મૃત્યુદર ૨.૫ ટકા છે જ્યારે તબીબોમાં મૃત્યુદર ૮ ટકા જેટલો છે.

તેમના મતે અત્યાર સુધી ૧૩૦૨ સંક્રમિતમાંથી ૯૯ તબીબના મોત થયા છે. જેમાં ૫૪ પ્રેક્ટીસીંગ તબીબ, ૧૯૧ સર્જનના મોત થયા છે. સૌથી આશ્ચર્યજનક વાત એ છે કે,

● અનુસંધાન પાન-૭ પર

## ભારતમાં કોરોના વેક્સીન હજાર રુપિયામાં મળી શકશે

**ઓક્સફોર્ડના સફળ ટ્રાયલ બાદ કિંમત પર ચર્ચા : ઓક્સફોર્ડ યુનિવર્સિટીની કોરોના વેક્સીનના માણસ પર પ્રયોગ ચાલી રહ્યા છે, ટ્રાયલમાં સારા પરિણામો મળ્યા**

નવી દિલ્હી, તા.૨૨

કોરોના વાયરસ સામે જંગ લડવા માટે દુનિયાના ઘણાં દેશોમાં વેક્સીન બનાવવા પર કામગીરી કરવામાં આવી રહી છે. આવામાં ભારત સહિત ઘણાં દેશોમાં વેક્સીન પર પ્રયોગો ચાલી રહ્યા છે. ઓક્સફોર્ડ યુનિવર્સિટીની કોરોના વેક્સીન હ્યુમન ટ્રાયલમાં સફળ સાબિત રહેવાની ઘણી આશાઓ બંધાઈ છે. એવામાં તેની કિંમતને લઈને ચર્ચાઓ શરુ થઈ ગઈ છે. ઓક્સફોર્ડ યુનિવર્સિટીની કોરોના વેક્સીનના માણસ પર પ્રયોગ ચાલી રહ્યા છે અને ટ્રાયલમાં સારા પરિણામો મળી રહ્યા છે. ભારતમાં પણ ઓક્સફોર્ડ યુનિવર્સિટીની કોરોના વેક્સીનનું પ્રોડક્શન કરવાની તૈયારી કરવામાં આવી રહી છે. ઓક્સફોર્ડની આ કોરોના વેક્સીનને લઈને લોકોએ ઓક્સફોર્ડ વેક્સીન ગ્રુપના ડિરેક્ટર એન્ડ્રૂ જે પોલાર્ડ સાથે વાતચીત કરી છે. સેરમ ઈન્સ્ટિટ્યુટના પુનાવાળાએ



● અનુસંધાન પાન-૭ પર

## રાજસ્થાનમાં અશોક ગેહલોતના ભાઈ અગ્રસેનના ઘર અને દુકાન પર દરોડા

**ભાજપ લોકો તરફ ચૂંટાયેલી સરકારને પછાડવામાં નિષ્ફળ જાય છે ત્યારે ઈડી-સીબીઆઈના દરોડા શરૂ : સુરજેવાલ**

જોધપુર, તા.૨૨

રાજસ્થાનમાં ચાલી રહેલા રાજકીય સંકટ વચ્ચે ઈડી અથવા એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા મુખ્યપ્રધાન અશોક ગેહલોતની નજીકના દરોડા ચાલુ જ છે. બુધવારે સવારે જયપુરથી જોધપુર પહોંચેલી ઈડી ટીમોએ મંદોર નજીક નવ માઈલ દૂર અગ્રસણ ગેહલોતના મકાન અને તેમની સ્થાપનાઓ પર દરોડા પાડ્યા છે. આ કેસમાં કોંગ્રેસના નેતા રણદીપ સુરજેવાલાએ ભાજપ સરકાર પર આરોપ લગાવ્યો છે કે જ્યારે ભાજપ લોકોની તરફ ચૂંટાયેલી સરકારને પછાડવામાં નિષ્ફળ જાય છે, ત્યારે ઈડી અને સીબીઆઈના દરોડા શરૂ થાય છે. અગાઉ, જયપુર અને કોટામાં ઈડીની તાજેતરની ક્રિયાઓ પર મુખ્યમંત્રી ગેહલોતે રાજકીય ષડયંત્ર હેઠળ કેન્દ્ર સરકાર પર દબાણનો રાજકારણ કરવાનો આરોપ લગાવ્યો હતો. આ દરમિયાન, એક ઈડીની ટીમ કોંગ્રેસના નેતા અને પૂર્વ સાંસદ બદરીરામ જાખરના ઘરે પણ પહોંચી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ઈડીના અગ્રસેન ગેહલોતના મકાન અને મથકો ઉપર આ કાર્યવાહી ફર્ટિલાઈઝર સ્કેમ કેસમાં અનેક રાજ્યોમાં દરોડા પાડવાનો ભાગ છે. રાજસ્થાનની સાથે સાથે ઈડી ખાતર કૌભાંડ અંગે મુંબઈ, ગુજરાત અને પશ્ચિમ બંગાળમાં એક સાથે કાર્યવાહી કરી રહી છે. મુખ્યપ્રધાન અશોક ગેહલોતના મોટા ભાઈ અગ્રસેન ગેહલોત ખાતરનો વ્યવસાય કરે છે અને જોધપુરમાં તેની સાથે દુકાનો અને

● અનુસંધાન પાન-૭ પર




## દૂધસાગર ડેરી

**મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ**

પોસ્ટબોક્સ નં.૧, હાઈવે રોડ, મહેસાણા-૩૮૪૦૦૨. ફોન નં.૦૨૭૬૨-૨૫૩૨૦૧, ફેક્સ-૨૫૩૪૨૨

### જાહેર ખુલાસો

તા. ૨૦/૭/૨૦૨૦ ના વર્તમાનપત્રો તથા મીડિયામાં "સાગર ઘી" માં ભેળસેળવાળા 'ભેળસેળીયા' હેવાલો પ્રસિધ્ધ થયા છે જેથી જાહેર જનતા તથા દૂધ ઉત્પાદકોમાં ભારે ગેરસમજ પ્રર્વતે છે.

અમૂલ ફેડરેશન ધ્વારા રાજસ્થાનથી આવતી ટેન્કરમાં ઘીના નમૂનામાં ભેળસેળ માલુમ પડી હોવાનો પત્ર દૂધસાગર ડેરીના અધ્યક્ષને મળ્યો છે. આ સમગ્ર ઘટનાની સત્ય હકીકત એ છે કે ઘી ભરેલું ટેન્કર રસ્તામાં એક ધાબા પાસે ઉભું રહ્યું છે અને તે શુધ્ધ ઘીની ચોરી કરી તેમાં ભેળસેળ કરાય છે તેવી રાજસ્થાન પોલીસને માહિતી મળતાં તેણે ઘટના સ્થળે દરોડો પાડીને કાર્યવાહી કરી હતી. આ ઘટનાની અમૂલ ફેડરેશનને જાણ થતાં તેમણે મહેસાણા ડેરીમાં પહોચેલા આ ટેન્કરના ઘી ના નમૂનાની તપાસ કરી હતી અને આ અંગે મહેસાણા ડેરીના અધ્યક્ષાને પત્ર લખીને જાણ કરી હતી.

આ પત્ર મળતાંની સાથે દૂધસાગર ડેરીના નિયામક મંડળની તાકીદની મળેલ બેઠકમાં આ અંગે ગંભીર અને વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી અને મામલાની ગંભીરતાને ધ્યાનમાં લઈને આ અંગે સંપૂર્ણ તપાસ કરવાનો નિર્ણય કરાયો છે અને આ તપાસ માટે બે સિનિયર એક્ઝિક્યુટિવ ડાયરેક્ટરો શ્રી પી.આર.પટેલ અને શ્રી નાગજીભાઈ ચૌધરીની તાત્કાલિક નિમણુંક કરવામાં આવી છે. આ સમિતિ ભવિષ્યમાં આવી કોઈ ઘટનાઓ ના ઘટે તે માટેનો અહેવાલ તૈયાર કરીને નિયામક મંડળને સુપ્રત પણ કરશે. નિયામક મંડળે એવો પણ નિર્ણય કર્યો છે કે ઘટનામાં સામેલ જે કોઈ પણ હશે તેની સામે કઠોર કાનુની અને શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. જેથી અમૂલ તથા સાગરબ્રાન્ડની વિશ્વશનીયતાને હાનિ ના પહોચે અને દૂધ ઉત્પાદકોને આર્થિક નુકશાન ન થાય તેની પૂરતી કાળજી રાખવામાં આવશે.

રાજસ્થાન ટેન્કરના ઘી ના નમૂનાની પ્રયોગશાળામાં ડેરી ધ્વારા તાત્કાલિક તપાસ પણ કરાવવામાં આવી હતી, જેમાં ભેળસેળ માલુમ પડી નથી. મહેસાણા દૂધ સંઘ આ મુદ્દે જાગૃત છે અને તપાસમાં સંપૂર્ણ સહકાર આપશે. જેથી દૂધસાગર ડેરીના લોકપ્રિયને ગુણવત્તાસભર સાગર ઘી ની શાખને વિપરિત અસર ન પહોંચે.

અમૂલ ફેડરેશનના પત્રની વિગતો મીડિયામાં જાહેર કરાઈ તે છેલ્લા ૧૫ વર્ષોથી વિવિધ મુદ્દે મહેસાણા દૂધ સાગર ડેરીને બદનામ કરવાનું ષડયંત્ર ડેરીના વિરોધીઓ ધ્વારા ચાલતા રાજકીય ષડયંત્રનો એક ભાગ છે જેથી મહેસાણાના દૂધ ઉત્પાદકો તથા જનતામાં ડેરીની શાખને હાની પહોંચે. વળી, ટૂંક સમયમાં ડેરીના નિયામક મંડળની ચૂંટણી પણ યોજાવાની હોવાથી દૂધઉત્પાદકોમાં ડેરી અંગે વ્યાપક ગેરસમજ ફેલાવવાનો ઈરાદાપૂર્વકનો રાજકીય પ્રયાસ છે. અમૂલ ફેડરેશન ડેરીના ઘી ના બધા જથ્થાને સીલ કરીને દૂધ ઉત્પાદકોને ભારે આર્થિક નુકશાન પહોંચાડ્યું છે. ડેરી તપાસમાં ફેડરેશનને પૂર્ણ સહકાર આપવા અને પોતાની રીતે પણ તપાસ કરવા કટિબધ્ધ છે અને જે કોઈ જવાબદાર કસૂરવાર તપાસને અંતે માલૂમ પડશે તો તેમની સામે ઘટતી કઠોર કાર્યવાહી કરવામાં આવશે. એટલું જ નહિ ભવિષ્યમાં પણ આવી કોઈ ઘટના ન ઘટે તેની સંપૂર્ણ ને પૂરતી કાળજી રાખવામાં આવશે. આખી ઘટનામાં દૂધસાગર ડેરીના કોઈ કાર્યવાહકોની લેશમાત્ર સંડોવણી નથી. ડેરીના કાર્યવાહકોની સંડોવણીના ઈરાદાપૂર્વક ફેલાવાયેલા રાજકીય વિરોધીઓના હેવાલો સાવ પાયાવિહોણા, બિનપાયેદાર અને સત્યથી સંપૂર્ણ વેગળા છે. દૂધસાગર ડેરી તેની પ્રખ્યાત દૂધ અને તેની બનાવટોની ગુણવત્તા માટે સદાય સજાગ, સાવધ, સાવચેત, જાગૃત અને કટીબધ્ધ છે.

**મોઘજીભાઈ ચૌધરી**
**ઉપાધ્યક્ષ**
**દૂધસાગર ડેરી, મહેસાણા**

## પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલી



**સ્વ. બારોટ સુરેશકુમાર કાન્તિભાઈ**
(A.S.I. શામળાજી પોલીસ સ્ટેશન)
સ્વ. તા. ૨૩-૦૭-૨૦૧૯

આપની હયાતી અમારી પ્રેરણા હતી
આપના આદર્શ અમારા માર્ગદર્શન હતા
આપનું સાદગીભર્યું જીવન ઉચ્ચ વિચારો
માયાળુ સ્વભાવ લાગણી શીલતા અમો
જીંદગીભર ભુલશું નહી.
પરમાત્મા આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એવી પ્રાર્થના.

લી.
ચિરાગકુમાર સુરેશભાઈ બારોટ (પુત્ર)
નિલેશભાઈ સુરેશભાઈ બારોટ (પુત્ર)
પ્રિન્સ ચિરાગકુમાર બારોટ (પૌત્ર)
કાન્તિભાઈ વાલમભાઈ બારોટ (પિતા)
પ્રકાશભાઈ કાન્તિભાઈ બારોટ (ભાઈ)
સમસ્ત બારોટ પરિવાર, ઈટાડી, તા. મોડાસા

## હાર્દિક અભિનંદન


શ્રી નિતીનભાઈ પટેલ (મા. ઉપ.મુખ્યમંત્રીશ્રી -ગુજરાત)


શ્રી જે.પી.નડ્ડા (મા.રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી (ભાજપા)


શ્રી નરેન્દ્રભાઈ મોદી (મા. પ્રધાનમંત્રીશ્રી - ભારત સરકાર)


શ્રી અમીતભાઈ શાહ (મા. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી - ભારત સરકાર)


શ્રી વિજયભાઈ રૂપાણી (મા.મુખ્યમંત્રીશ્રી -ગુજરાત)



ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તરીકે
**શ્રી સી.આર.પાટીલ (મા.સાંસદશ્રી)ની**
વરણી થવા બદલ હાર્દિક અભિનંદન

**શ્રી દિપસિંહ રાઠોડ (સાંસદશ્રી - સાબરકાંઠા - અરવલ્લી)**

બળવંતભાઈ પટેલ (સંગઠન પ્રમુખ, પ્રાંતિજ તાલુકા)
ગીતાબેન એસ.પટેલ (પ્રમુખ, પ્રાંતિજ નગરપાલિકા)
જીગ્નેશભાઈ પંડયા (પૂર્વ પ્રમુખ, પ્રાંતિજ નગરપાલિકા)
રણજીતસિંહ રાઠોડ (પ્રમુખ, બક્ષીપંચ મોરચો-સાબરકાંઠા)
વિપુલભાઈ પટેલ (ઉ.પ્રમુખ-ફ્રુડ એન્ડ શાકભાજી મંડળી)
● કે.પી.પટેલ
● કૃણાલ પટેલ
કમાલપુર સેવા સહકારી મંડળી
કમાલપુર દુધ ઉત્પાદક મંડળી
તથા સમસ્ત પ્રાંતિજ તાલુકા સંગઠન મંડળ